R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 23•ISSUE: 11 DATE: 16-03-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## લોકસભાની ચુંટણીઓની તારીખો જાહેર થતાં દેશભરમાં આચારસંહિતાનો કડક અમલ શરુ કરાયો

ચુંટણી પંચે લોકસભાની ચુંટણીની તારીખો જાહેર કરતાં દેશભરમાં ધમધમાટ ચાલુ થઈ ગયો છે. વિવિધ રાજકીય પાર્ટીઓએ તડામાર તૈયારીઓ શરુ કરી દીધી છે. જો કે મુખ્ય પક્ષો ભાજપ અને કોગ્રેસે તો ચુંટણી યુધ્ધની શરુઆત તો પહેલાથી જ કરી દીધી હતી.સત્તારુઢ પક્ષને તો અંદેશો હતો જ કે ક્યારે તારીખો ચુંટણી પંચ જાહેર કરશે તેથી આચાર સંહિતા લાગુ પડે તે પહેલાં જેટલી તૈયારી કરવાની હોય તે નક્કર તૈયારીઓ કરી નાંખી હતી. વડાપ્રધાન અને ભાજપના નેતાઓ ચુંટણી પહેલા તૈયારી રુપે જાહેર સભાઓ સંબોધી ચુક્યા છે તે પ્રમાણે કોગ્રેસે પણ તૈયારી આરંભી દીધી હતી.

દેશમાં ૧૭મી લોકસભાની રચના કરવા માટે ચુંટણી પંચ દ્વારા તારીખો જાહેર કરવામાં આવી હતી. આ વખતે દેશભરમાં ૭ તબક્કામાં લોકસભાની ચુંટણીઓ યોજાશે.પહેલો તબક્કો ૧૧ એપ્રિલથી શરુ થશે. છેલ્લું સાતમા તબક્કાનું મતદાન ૧૯મી મેના રોજ થશે.જ્યારે ૨૩મી મેના રોજ મત ગણતરીની સાથે જ પરિણામો જાહેર કરવામાં આવશે.ચુંટણીની તારીખો જાહેર થવાની સાથે જ દેશભરમાં આચારસંહિતાનો અમલ શરુ થઈ ગયો છે.સોશિયલ મીડીયા પર પણ આચારસંહિતાનો અમલ શરુ થઈ ગયો છે.ગુજરાતમાં ત્રીજા તબક્કામાં ૨૩ એપ્રિલે મતદાન થશે.

દેશભરમાં કુલ ૯૦ કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે.છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં નવા ૭ કરોડ મતદારોનો ઉમેરો થયો છે. દેશમાં ૧૦ લાખ મતદાન મથકોએ મતદાન યોજવામાં આવશે. તમામ મતદાન મથકોએ મતદાન માટે ઈવીએમ તેમજ વીવીપેટ મશીનોનો ઉપયોગ કરવામાં આવશે. મતદારોને મતદાન માટે ૧ જુદા જુદા ઓળખપત્રોનો ઉપયોગ કરવા મંજુરી અપાઈ છે. ૧૧ પૈકી કોઈપણ ઓળખપત્રનો ઉપયોગ કરીને તે મતદાન કરી શકશે.૧ જાન્યુ.૨૦૧૯ના રોજ ૧૮ વર્ષ પુરા કરનાર વ્યક્તિ મતદાન કરી શકશે.

૨૮માર્ચે ચુંટણીનું જાહેરનામું પ્રસિધ્ધ થશે.૨૮ માર્ચથી ૪ એપ્રિલ સુધીમાં ઉમેદવારી પત્રકો ભરાશે. ૫ એપ્રિલ સુધીમાં ઉમેદવારી પત્રોની ચકાસણી થશે. ૮ એપ્રિલ સુધીમાં ઉમેદવારી પત્રો પાછા ખેચી શકાશે. ૨૩ એપ્રીલે મતદાન,૨૩મેના રોજ મતગણતરી થશે.૨૭મેના રોજ ચુંટણી પ્રક્રિયા પુરી થશે.

લોકસભાની સાથે આંધ્ર પ્રદેશ,ઓડીશા, અરુણાચલ પ્રદેશ અનો સિક્કિમ વિધાનસભાની ચુંટણીઓ પણ યોજાશે.હાલમા જમ્મુ-કાશ્મીરમાં રાજ્ય વિધાનસભાની ચુંટણી નહીં યોજવાનો નિર્ણય લેવાયો છે.જે એન્ડ કે માટે એવું કહેવાયું છે કે રાજયમાં હિંસક ઘટનાઓ અને આતંકી ગતિવિધિઓને કારણે હાલના તબક્કે ચુંટણી યોજી શકાય તેમ નથી.તેથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## એનસીપીના અધ્યક્ષ શરદ પવાર ૨૦૧૯ની લોકસભાની ચુંટણી નહીં લડે

એનસીપીના અધ્યક્ષ શરદ પવારે એક જાહેર સભામાં તેઓ આ વખતની લોકસભાની ચુંટણીમાં પોતે ઉમેદવારી કરશે નહીં તેવું કહીને તેમની સ્થિતિ સ્પષ્ટ કરી હતી. તેમણે કહ્યુ હતું કે તેમના પૌત્ર અને પુત્રી બે કુંટુબની વ્યક્તિઓ લોકસભાની ચુંટણીમાં ઉભી રહેનાર છે તેથી તેઓ આ ચુંટણીમાં લડશે નહીં. જો કે શરદ પવારનું દેશના રાજકારણમાં એક પ્રતિષ્ઠિત રાજકારણી તરીકેનો દબદબો છે. ભુતકાળમાં તેમણે સોનિયા ગાધી વિદેશી કુળની વ્યક્તિ તરીકે ગણાવીને કોગ્રેસને તિલાંજલી આપી પોતાનો પક્ષ ઉભો કર્યો હતો. મહારાષ્ટ્રમાં તેમની આજે પણ હાક વાગે છે.

## વિશ્વના ૨૦ પ્રદુષિત શહેરોમાં ભારતના ૧૫ શહેરો સામેલ છે

વિશ્વના સૌથી વધુ પ્રદુષિત ૨૦ શહેરોમાં ભારતના ૧૫ શહેરો સામેલ છે. અને ગુરુગ્રામ,ગાજીયાબાદ,ફરીદાબાદ,નોઈડા અને ભિવાડી ટોપ ૬ પ્રદુષિત શહેરોમાં સામેલ છે. આ નવા રિપોર્ટના આંકડા અનુસાર રાષ્ટ્રીય રાજધાની વિસ્તાર(એનસીઆર) છેલ્લા વર્ષથી વિશ્વના સૌથી પ્રદુષિત ક્ષેત્રમાં આવી જાય છે.લેટેસ્ટ ડેટા આઈક્યુએર એરવિઝ્યુઅલ ૨૦૧૮ વર્લ્ડ એક ક્વોલીટી રિપોર્ટમાં સંકલિત છે. આ રિપોર્ટ ગ્રીનપીસ સાઉથઈસ્ટ એશિયાના સહયોગથી તૈયાર થયો છે. રિપોર્ટમાં કહેવાયું છે કે વિશ્વના ૨૦ પ્રદુષિત શહેરોમાં સર્વાધિક પ્રદુષિત શહેરોમાં ભારતના ૧૮,પાકિસ્તાન અને બાંગલાદેશના છે.એમાં ૧૫ શહેરો ભારતના છે . ગુરુગ્રામ અને ગાજીયાબાદ સૌથી વધુ પ્રદુષિત શહેરોમાં છે. ત્યારબાદ ફરીદાબાદ,ભિવાડી અને નોઈડા પણ ટોપ-૬ પ્રદુષિત શહેરોમાં સામેલ છે. દેશની રાજધાની દિલ્હી વિશ્વના પ્રદુષિત શહેરોમાં ૧૧ નંબર પર છે.એક સમયે દુનિયાની સૌથી પ્રદુષિત શહેરોમાં સામેલ ચીનની રાજધાની બેઈજીંગ છેલ્લા વર્ષમાં સર્વાધિક પ્રદુષિત શહેરોની યાદીમાં ૧૨૨ માં ક્રમે છે. પરંતુ આ આજે પણ વર્લ્ડ હેલ્થ ઓરગે.ની વાર્ષિક સુરક્ષિત સીમાથી ઓછામાં ઓછું પાંચ ગણુ પ્રદુષિત શહેર છે.૩૦૦૦થી વધુ શહેરોમાં પ્રદુષક કણો ૨.૫નું સ્તર દર્શાવતા ડેટાવેઝ એક વખત ફરી વાયુ પ્રદુષણથી વિશ્વને ખતરાની યાદ અપાવે છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

## પુલવામાની ઘટના બાદ ભારતે પાકિસ્તાન પર કરેલા હવાઇ હુમલામાં પાક.ને થયેલું નુકશાન જાણવાનો દેશને હક છે : શિવસેના

વિપક્ષી પાર્ટીઓ પછી હવે શિવસેનાએ પણ એરસ્ટ્રાઈક પર સવાલો કર્યા છે.પોતાના મુખપત્ર સામનાના સંપાદકીયમાં લખાયું છે કે દેશવાસીઓને આ એરસ્ટ્રાઈક અંગે જાણવાનો પુરેપુરો અધિકાર છે.પુલવામાના આતંકી હુમલા પછી પાકિસ્તાનમાં ઘુસીને કરાયેલી એરસ્ટ્રાઈક અંગે રાજકીય વિવાદ જારી છે. કોગ્રેસ સહિત અનેક વિપક્ષી પાર્ટીઓ દ્વારા તેના અંગે પુરાવા માંગવામાં આવ્યા છે. પુરાવા માંગવામાં માટેની પાર્ટીઓમાં હવે ભાજપના સાથી પક્ષ શિવસેનાનું નામ પણ ઉમેરાયું છે.

શિવસેનાએ કહ્યુ હતું કે દેશવાસીઓને એ વાતનું સત્ય જાણવાનો હક્ક છે. શિવસેનાએ કહ્યું છે કે દેશવાસીઓને એ જાણવાનો અધિકાર છે કે આપણે દુશ્મનના ઘરમાં કેટલું નુકશાન પહોચાડ્યું છે. અમને એવું લાગતું નથી કે આ પ્રકારના સવાલ પુછવાથી સેનાના જવાનોનું મનોબળ નબળું પડે. સંપાદકીયમાં લખાયું છે કે અનેક મામલે વડાપ્રધાન ઈમોશનલ થઈ જાય છે. પણ આ વખતે વડાપ્રધાનની આંખોમાં આંસુ ન જોવા મળ્યા.આ વખતે તેઓ વધુ ખુશ જોવા મળ્યા. એક તરફ જયારે પાકિસ્તાન સાથે જંગનો માહોલ હતો તો બીજી તરફ પીએમ મોદી રેલીઓ જ સંબોધિત કરી રહ્યા હતા.

શિવસેનાએ લખ્યું છે કે પુલવામાં અગાઉ વિપક્ષ પાસે મોંઘવારી, બેકારી, રફાલ ડીલ સહિત અનેક મુદ્દાઓ હતા.પણ હવે લાગે છે કે



એરસ્ટ્રાઈક પછી તમામ પ્રકારના મુદ્દા ખતમ થઈ ગયા છે. અને સૌ કોઈ આપણી વાયુસેનાએ કરેલી એરસ્ટ્રાઈકની વાત કરી રહ્યા છે.

કોગ્રેસના દિગ્વિજયસિંહ, મનીષ તિવારી, કપિલ સિબ્બલ,ઉપરાંત ટીએમસી નેતાઓ અને અન્ય અનેક વિપક્ષી નેતાઓને એરસ્ટ્રાઈક પર સવાલો ઉઠાવ્યા છે.કેટલાક નેતાઓએ માંગણી કરી છે કે સરકારે આ અંગેના નક્કર પુરાવા રજુ કરવા જોઈએ. ભાજપ અધ્યક્ષ અમિત શાહ સતત કહે છે કે જે લોકો એરસ્ટ્રાઈક પર સવાલો કરી રહ્યા છે તેઓ દેશની સેનાનું મનોબળ ઘટાડી રહ્યા છે.

શિવસેના અગાઉ પણ મોદી સરકારના અનેક મોટા નિર્ણયો અંગે સવાલો પુછી ચુકી છે.જો કે થોડા દિવસો પહેલાં જ અમિત શાહે મુંબઈ જઈને શિવસેનાની સાથે ગઠબંધન કર્યુ હતું. બંને પાર્ટીઓમાં નક્કી થયું હતું કે ભાજપ રાજ્યની ૪૮ સીટો પૈકી ૨૫ સીટો પર અને શિવસેના ૨૩ સીટો પર ચુંટણી લડશે.શિવસેના સતત કેટલાક મુદ્દાઓ પર ભાજપનું નાક ખેચે છે.

## નોકરી બદલ્યા બાદ ઇપીએફ આપોઆપ ટ્રાન્સફર થઇ જશે

કર્મચારી ભવિષ્યનિધિ સંગઠન ના સભ્યને આગામી વર્ષથી નોકરી બદલવાના મામલે ઈપીએફ ફંડ ટ્રાન્સફર કરવા માટે વિનંતી કરવાની જરુરત રહેશે નહીં.આ પ્રક્રિયાને ોટોમેડેટ કરવા પર કામ ચાલી ર હ્યું છે.ઈપીએફઓ ને કાગળવિહિન સંગઠન બનાવવાનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે પોતાની વર્તમાન પ્રણાલીના અભ્યાસ માટે સી-ડેકને કામ સોપાયું છે.હાલ,૮૦ ટકા કામકાજ ઓનલાઈન થઈ રહ્યું છે. તેમ કેન્દ્રીય શ્રમમંત્રાલયના એક અધિકારીએ જણાવ્યુ હતું.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ભાજપને આગામી લોકસભા ચુંટણી અંગે ચેતવણી આપતાં તેનાજ સાથી પક્ષ શિવસેનાએ કહ્યુ છે કે ભાજપે હવે અગાઉ ૨૦૧૪ની સામાન્ય ચુંટણીઓ વખતે આપેલા વચનો વિશેના સવાલોનો સામનો કરવા તૈયાર રહેવું જોઈએ. શિવસેનાએ કહ્યુ હતું કે ભાજપે ૨૦૧૪માં કાશ્મીર ખીણમાં શાંતિ અને અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ વિશેના આપેલા વચનો અંગે લોકોના મનમાં જે સવાલો છે તેનો સામનો કેવી રીતે કરવો તે માટે તૈયાર રહેવુ પડશે.પાર્ટીએ વડાપ્રધાનના રેડિયો કાર્યક્રમનો સંદર્ભ આપતાં કહ્યુ હતું કે અત્યાર સુધી તે પોતાની મનકી બાત કહેતા હતા પણ ૨૩ મે ના રોજ લોકોની મન કી બાત સામે આવશે. ચુંટણી પંચના હિસાબે લોકસભા ચુંટણી ૧૧ એપ્રિલથી ૧૯ મે સુધી સાત તબક્કામાં સંપન્ન થશે અને મત ગણતરી ૨૩ મે ના રોજ થવાની છે. શિવસેનાએ પોતાના મુખપત્ર સામનામાં કહ્યુ છે કે ઈતિહાસ સાક્ષી છે કે લોકોને લાંબા સમય સુધી મુર્ખ ન બનાવી શકાય.લોકો પાસે સવાલો છે અને તેઓ મતપેટીઓ દ્વારા જવાબ માંગતા હોય છે.

૨૦૧૯ની ચુંટણીઓની તૈયારી પુરજોશમાં શરુ કરવામાં આવી છે.સત્તારુઢ પાર્ટી પોતાના જીતના જશ્ન અત્યારથી જ મનાવી રહી છે. વડાપ્રધાન એડીચોટીનું જોર લગાવીને જાહેર સભાઓમાં કહેતા હોય છે કે તેઓજ ફરીથી વડાપ્રધાન બનવાના છે.તેમને કોઈ હરાવી શકશે નહીં.ભાજપે ઉમેદવારોની પસંદગીમાં નવા ચહેરાને પસંદ કરવાનો પ્રયત્ન કર્યો છે.જુના જોગીઓને હવે કદાચ લોકસભાની સીટ પર સ્થાન નહીં મળે.ભાજપના સીનીયર મોસ્ટ નેતાઓ આ વખતે ચુંટણીમાં લગભગ નહી હોય તેવું મનાઈ રહ્યું છે.માત્ર એક બે નેતાઓની આણ સ્વીકારી શકે તેવા નવા ઉબરી રહેલાઓને ટીકીટ મળી જવાનો સંભવ છે.કોંગ્રેસે હવે નવી નેતાગીરી ઉભી કરવા પ્રયત્ન કરવો પડશે.જુની નેતાગીરીમાં હવે એટલો દમ રહ્યો નથી કે પાર્ટીને જુના વર્ચસ્વ પ્રમાણે જીત અપાવી શકે. કેટલાકે તો પાર્ટી છોડીને ભાજપનો છેડો પકડી લીધો છે.જો કે શિવસેનાએ અન્ય પાર્ટી છોડીને ભાજપનો છેડો પકડનારાઓ સામે આક્રોશ વ્યક્ત કર્યો છે.

ભ્રષ્ટાચાર કેન્સરની જેમ પ્રસરી રહ્યો છે તેવું મદ્રાસ હાઈકોર્ટે કહ્યુ છે.તેમના કહેવા મુજબ આપણા દેશમાં ભ્રષ્ટાચાર કેન્સરની જેમ ફેલાઈ રહ્યો છે.હાઈકોર્ટે તામિલનાડુના વિજિલન્સ અધિકારીઓને એ ઓફીસોમાં સમયાંતરે દરોડા પાડવાનું કહ્યુ જ્યાં આરોપ છે કે કાનુની ઉત્તરાધિકારી પ્રમાણપત્ર જેવા દસ્તાવેજો આપતી વખતે લાંચ માંગવામાં આવે છે.જસ્ટીસ એસએમ સુબ્રમણ્યમે કહ્યુ કે સરકારી કર્મચારી અને સરકારી કચેરીમાં થતા ભ્રષ્ટાચારના કારણે સામાન્ય લોકો નિરાશ છે. કોર્ટ સહિત તમામ ઉચ્ચ અધિકારીઓએ વર્તમાન સ્થિતિને ગંભીરતાથી લેવી જોઈએ અને યોગ્ય રીતે મામલાઓનો ઉકેલ લાવવા જોઈએ.

સમગ્ર દેશમાં ભ્રષ્ટાચાર એટલી હદે વ્યાપક સ્વરુપે છે જેને આપણે જોઈને આંખો બંધ કરીને આગળ વધી જઈએ છીએ.ક્યાંક આપણે પણ તેમાં સામેલ થઈ જઈએ છીએ.ટ્રાફિકના કેસો કરતાં પોલીસ વિભાગના કર્મચારીઓ સરેઆમ રોડ પર કટકી કરતાં જોવા મળે છે.આપણે પણ તેમાં સામેલ થઈએ છીએ.સરકારની તમામ કચેરીઓમાં કોઈપણ કામ ભ્રષ્ટાચાર વગર થતું નથી.જેથી ભ્રષ્ટાચાર મુક્ત ભારતની કલ્પનાની વાતો કરવી તે રેતીમાં વહાણ ચલાવવા બરાબર છે. તમે જોરશોરથી એ વાતો કરો ત્યારે તે સારી લાગે છે પરંતુ જ્યારે હકીકતમાં તે શક્ય નથી.જો તમે ભ્રષ્ટાચારના ચક્કરમાં સામેલ થતાં નથી તો તમે કાયદેસરના તમારા તમામ અધિકારો ગુમાવો છે.

## મંતવ્ય

ગુજરાતમાં કોંગ્રેસ પાર્ટીએ ચુંટણી પ્રચારનું રણશીગું ફુક્યું પરંતુ હાલ જે પરિસ્થિતિ છે અને ભાજપે જે રીતે કોંગ્રેસના નેતાઓને પોતાના પક્ષમા સામેલ કર્યા છે તેથી મતદારો પાસેથી જાતિ,જ્ઞાતિ,વિગેરે વાદથી મત મેળવી લેવા સક્ષમ બનશે?કોંગ્રેસ માટે ગુજરાતમાં ભાજપે જે રીત રસમો અપનાવી છે તેમાં જંગ જીતવો અઘરો છે આ ઉપરાંત કોગીમાં જોઈએ તેવી એકતા સંગઠન મજબુત નથી.જેથી નાછુટકે મતદારોને ફરીથી કટ્ટરવાદીઓના ખોળામાં બેસવું પડશે.

મનોજ યાજ્ઞિક

# રાફેલ ડીલના મહત્વના દસ્તાવેજો સંરક્ષણ મંત્રાલયમાંથી ચોરાઇ ગયા હોવાનો સરકારનો સુપ્રીમમાં ઘટસ્ફોટ



સુપ્રીમ કોર્ટે રાફેલ ડીલ અંગે પોતાના ચુકાદા વિરુધ્ધ થયેલી પુનઃવિચાર અરજી અંગે મહત્વની સુનાવણી શરુ કરી છે. ત્યારે સુનાવણી દરમિયાન સરકારે એવી દલીલ કરી હતી કે સંરક્ષણ મંત્રાલયમાંથી રાફેલ સોદા અંગેના કેટલાક મહત્વના દસ્તાવેજોની ચોરી થઈ ગઈ છે.. સુપ્રીમ કોર્ટે આ અંગે નારાજગી વ્યક્ત કરતાં કહ્યુ હતું કે આ અંગે સરકારે શું પગલાં લીધા તેની માહિતી તાત્કાલિક કોર્ટને આપવામાં આવે.સુપ્રીમે આગામી સુનાવણી ૧૪ માર્ચે યોજવાની મુદત આપી હતી.

આ દરમિયાન પાકિસ્તાને ૨૭ ફેબ્રુઆરીએ ભારતીય સૈન્ય છાવણીઓ પર હુમલાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો.તેવી રજુઆત કરતાં એટર્ની જનરલ વેણું ગોપાલે કોર્ટને કહ્યુ હતું કે એફ-૧૬ જેવા આધુનિક વિમાનોનો સામનો કરવા માટે રાફેલ અત્યંત જરુરી છે.તેમણે વધુમાં કહ્યુ હતું કેઆવા આધુનિક વિમાનોનો સામનો ૧૯૬૦માં બનેલા મિગ-૨૧ વિમાને કર્યો હતો તે ઉત્તમ બાબત છે.પણ ભારતને આધુનિક વિમાનની તાતી જરુરીયાત છે.આ કેસમાં કોર્ટ દ્વારા સીબીઆઈ તપાસના આદેશ આપવામાં આવશે તો રાફેલ સોદાને નુકશાન થશે.આ બાબત દેશહિત માટે યોગ્ય નથી.

સુપ્રીમ કોર્ટમાં રાફેલ ડીલના થયેલા ભ્રષ્ટાચાર અંગેની સુનાવણી ચાલી રહી છે. નહીં કે ક્યા વિમાનો સારા છે અને કયા વિમાનો લડવા માટે યોગ્ય છે.દસ્તાવેજો ચોરી થયા છે તેમાં દેશહિત ક્યાં આવશે તેની ખોટી દલીલ કરી કેસને અવળે પાટે ચડાવવા માટે સરકારી સુત્રોએ પ્રયત્ન કર્યો હતો.જો કે ખરેખર દસ્તાવેજોની ચોરી થઈ હોય તો તેના માટે જવાબદારો સામે ફોજદારી કાર્યવાહી કરવી જોઈએ.જ્યારે આ બાબત ગંભીર બની છે ત્યારે તેના દસ્તાવેજો ચોરાઈ જાય તેવી તર્કહીન દલીલ કરીને સરકાર પોતાનો કેસ નબળો પાડી રહી છે.

એટર્ની જનરલ વેણું ગોપાલે સરકાર તરફથી જણાવ્યુ કે જે દસ્તાવેજો અને પુરાવા વિશે એડવોકટે પ્રશાંત ભુષણ વાત કરે છે અને જેના ઉપર તેઓ વિશ્વાસ રાખે છે તે બધા ઘણા સમય પહેલાં સંરક્ષણ મંત્રાલયમાંથી ચોરી થઈ ગયા છે.સરકાર નવો દાવ અજમાવતાં કહે છે કેરાફેલ .ડીલ અંગેના દસ્તાવેજો ચોરી કરી જનારા તથા તેને સાર્વજનિક કરનારા તમામ લોકો સામે સરકારના ગોપનિયતા કાયદા હેઠળ તથા કોર્ટની અવમાનના કરવાના ગુના હેઠળ દોષિત છે.

વેણું ગોપાલે કહ્યુ હતું કે રાફેલ અંગે જેટલી પણ અરજીઓ કરવામાં આવી છે તે બધી જ ખોટા નિવેદનો અને આવેદનો ધરાવતી છે.ચઆ અરજીઓ જે આધારે રજુ કરવામાં આવી છે તે તમામ દસ્તાવેજો સંરક્ષણ મંત્રાલયમાંથી ચોરી થઈ ગયા છે.રાફેલ અંગે હિંદુ અખબાર દ્વારા જે અહેવાલ રજુ કરવામાં આવ્યો છે તે ખોટો અને અદાલતની કામગીરીને પ્રભાવિત કરનારો તથા અદાલતની અવમાનના કરનારો છે.

સુનાવણી દરમિયાન પ્રશાંત ભુષણે સુપ્રીમ કોર્ટને જણાવ્યુ હતું કે તમે પોતાના આદેશમાં કોર્ટના નિરિક્ષણ હેઠળ તપાસ કરવાની મારી અરજી પર સુનાવણી કરી નથી.અમે સીબીઆઈ સામે પણ ફરિયાદ કરી હતી. સીબીઆઈ દ્વારા પણ આ અંગે કોઈ રિપોર્ટ રજુ કરવામાં આવ્યો નથી. આ દરમિયાન તેમણે કોર્ટને નવા દસ્તાવેજ આપવાનો પણ પ્રયાસ કર્યો હતો.ત્યારે કોર્ટે તેમને જણાવી દીધું હતું કે તેમણે કોર્ટને નવા દસ્તાવેજો આપવાનો પ્રયાસ કરવો નહીં.નવા કોઈ પુરાવા અંગે હાલમાં કોઈ સુનાવણી નહીં થાય.પ્રશાંત ભુષણે કહ્યુ હતું કે સરકારે બંધ કવરમાં જે કોઈ દસ્તાવેજો આપ્યા હતા તેમાં ઘણી ભુલો હતી.તેના આધારે કોર્ટે પોતાનો આદેશ આપી દીધો હતો.

સુપ્રીમ કોર્ટે આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહ તરફથી દાખલ કરવામાં આવેલી પીટીશન ફગાવી દીધી હતી. હવે કોર્ટમાં એક જ રિવ્યુ પીટીશન વધી છે જેને યશવંતસિંહા,અરુણ શૌરી અને પ્રશાંત ભુષણે દાખલ કરી હતી. સુપ્રીમે સંજયસિંહની પીટીશન ફગાવી દેતાં ઉપરાંત તેમની ઝાટકણી કાઢી હતી કોર્ટે કહ્યુ હતું કે સંજયસિંહ દ્વારા કોર્ટ અંગે અપમાનજનક ટિપ્પણીઓ કરવામાં આવી છે.સુપ્રીમ કોર્ટ એક વખત આ તમામ રિવ્યુ પીટીશન ઉપર સુનાવણી પુરુ કરી દેશે ત્યારબાદ સંજયસિંહ પર કેસ ચલાવવામાં આવશે.

જો કે સરકાર તરફથી રજુ કરવામાં આવેલી બાબત રાફેલ ડીલના દસ્તાવેજોની ચોરી થઈ છે તે કેટલી વજુદ વાળી છે તે સમય બતાવશે.

સરકાર તરફથી વારંવાર સુપ્રીમ કોર્ટમાં જુઠનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તેમજ ખોટા પુરાવા પણ આપવામાં આવી રહ્યા છે તો જાહેર અને અન્ય બાબતોમાં સરકાર કેટલી સાચી વાત કરશે અને તેની વાત પર કેટલો ભરોસો રાખી શકાય તે હવે ચિંતાનો વિષય બની ગયો છે.

લોકશાહીમાં દેશના નાગરિકો વિશ્વસનીયતા ધરાવતી સરકાર ઈચ્છે છે જો સરકાર ખોટી બાબતો સુપ્રીમ કોર્ટમાં જ રજુ કરતી હોય તો અન્યથા શું ના કરી શકે તે એક અહમ સવાલ છે.રાફેલ મુદ્દામાં લોકસભામાં તે રજુ કરવામાં આવ્યો,સીએજી અને અન્ય સંસદીય સમિતિએ આ બાબતો જોઈએ તેવું કહીને સુપ્રીમ કોર્ટને ગેરમાર્ગે દોરીને જજમેન્ટ મેળવીને પોતે સાફ છે તેવું સાબિત કરવા પાછળનો આશય એ છે કે ગોટાળો છે પરંતુ હવે તે સાબિત ન થાય તે જોવાનું કામ સરકાર કરી રહી છે.


**વિનંતી**



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

***યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ***

**એકસ.સીની.કન્સલ્ટન્ટ,**
**રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ**
**એકસ.સીની.કન્સલ્ટન્ટ**
**મોરારજી દેસાઇ આરોગ્યધામ,**
**હેલ્થ-વેલ્થ પ્લાનર**
**ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર**

**મો.૯૩૭૬૧ ૦૦૮૯૮**

E.mail : drhamparikh@yahoo.co.in

# અમેરિકાએ ભારતને વેપારમાં અપાતી ખાસ રાહતો રદ કરી દેવા કરેલો નિર્ણય

## ભારતીય પેદાશો માટે જકાતમુક્ત એન્ટ્રીના દરવાજા બંધ



અમેરિકા આમ તો પુલવામાં થયેલા આતંકી હુમલા અને એ પછી પાકિસ્તાનમાં આતંકી અડ્ડાઓ પર હવાઇ હુમલા બદલ ભલે ભારતની પડખે દેખાયું હતું. પરંતુ હવે તેણે આર્થિક મોરચે મોટો ફટકો આપવાની તૈયારી કરી લીધી છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેના સંકેત આપ્યા છે.તેમણે વેપારમાં ભારતને જનરલાઇઝ્ડ સિસ્ટમ ઓફ પ્રેફરન્સ માંથી બહાર કરી દેવાની વાત કરીને વૈશ્વિક આર્થિક વર્તુળોમાં નવી હલચલ મચાવી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે ભારતમાં અમેરિકી પેદાશો પર વધુ જકાત વસુલાય છે અને તેના કારણે અમારા વેપાર-ધંધાને અસર થઇ રહી છે. ટ્રમ્પે આ મામલે અમેરિકી સંસદને પણ પત્ર લખીને વિધિસર જાણ કરી દીધી છે. જો એવું થયું તો અમેરીકી બજારમાં ૫.૬ અબજ ડોલરના મુલ્યના ભારતીય પેદાશો માટે જકાતમુક્ત એન્ટ્રીનો દરવાજો બંધ થઇ જશે. જે એક મોટો આર્થિક ફટકો છે. ટ્રમ્પે કહ્યુ કે તે ભારત માટે સ્પેશિયલ ટ્રેડ ટ્રીટમેન્ટ ખત્મ કરી દેવાની ઇચ્છા ધરાવે છે.કહેવાય છે કે જીએસપી હેઠળ જો ભાગીદારી પુર્ણ થાય છે તો ૨૦૧૭માં ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા અમેરિકી પ્રમુખનો હોદ્દો સંભાળ્યા બાદની સૌથી મોટી કાર્યવાહી હશે ખરેખર તો અમેરિકી વેપાર ખાધને ઘટાડવાનું પણ લઇને બેઠેલા ટ્રમ્પ માને છે કે ભારત વેપાર મામલે અમેરિકાને અપેક્ષિત સહયોગ કરતું નથી. અમેરિકી પેદાશો પર ભારત આકરો વેરો વસુલ કરી રહ્યો છે. ટ્રમ્પ અને વખત અનેક મંચ પરથી આ વાત કરી ચુક્યા છે તેમનું રટણ છે કે ભારત એક એવો દેશ છે જે અમેરિકી પેદાશો પર વધુ ટેરિફ અમલમાં મુકે છે. તેના જવાબરુપે તેમણે પણ ભારતની પેદાશો પર અમેરિકી બજારમાં જકાતમુક્ત પ્રવેશને અટકાવી દેવાનું પગલું વિચાર્યુ છે. ટ્રમ્પે કહ્યુ છે કે હું આ પગલું એટલા માટે ભરી રહ્યો છું કેમકે અમેરિકા સાથે ગહન સહયોગ છતાં ભારતે અમેરિકાને આશ્વાસન નથી આપ્યું તે અમેરિકી પેદાશોને ભારતના બજારમાં સમાન અને યોગ્ય પહોચ આપશે. અમેરિકી વેપાર પ્રતિનિધિ કચેરીએ કહ્યું છે કે જીએસપીમાંથી ભારતને બહાર કરી દેવાનો નિર્ણય રાષ્ટ્રપતિની જાહેરાત થકી જ કાયદાના સ્વરુપમાં આવશે.

# ભારત-પાક અંકુશ રેખાથી યુધ્ધના માહોલ બાદ વેપાર શરુ થઇ ગયો

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુધ્ધની ગરમાહટ પછી,એકબીજાની સરહદમાં ઘુસતા બંને દેશોના વિમાનો વચ્ચે ટકરાવ જોવા મળ્યો હતો. ત્યારથી એક સપ્તાહથી બંધ રહેલા શ્રીનગર-મુઝફરાબાદ રોડ પર અંકુશ રેખા પાર વેપાર પ્રવૃત્તિ ફરીથી શરુ થઇ ગઇ છે.

એક અધિકારી કહ્યુ હતું કે અંકુશ રેખા પાસે ઉરી સેકટરમાં કામાન પોસ્ટ પર ૭૦ જેટલી ટ્રકોએ રેખા પાસ કરી હતી.આ વિસ્તારમાં કાશ્મીરના વહેચાયેલા ભાગોમાંથી મંગળવારથી શુક્રવાર એક ચાર દિવસ માટે આ બાર્ટર ટ્રેડ થાય છે.ભારત તરફથી ૩૫ ટ્રક ચીજવસ્તુઓ લઇને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં પહોચી હતી. અને એટલીજ સંખ્યામાં ટ્રક પાકિસ્તાન અંકુશ રેખા પાર કરીને આવી હતી.

પાકિસ્તાને એવી જાણકારી આપી હતી કે તેનુ એક પ્રતિનિધિ મંડળ આગામી ૧૪ માર્ચે કરતારપુર કોરિડોર અંગેના ડ્રાફ્ટ એગ્રીમેન્ટ વિશે ચર્ચા કરવા માટે ભારતની મુલાકાતે આવશે. આ કદમ બંને દેશો વચ્ચે તંગદીલી ભર્યા માહોલ ને હળવો કરશે એવી આશા રાખવામાં આવી રહી છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે કડવાશ દુર કરી શકાય માટે આવી પ્રયત્નો હળવાશ લાવશે.

# ઓડીશામાં બીજેડી મહિલાઓને લોકસભાની ૩૩% ટિકિટની ફાળવણી કરશે

ઓડીસાના મુખ્યમંત્રી અને બીજુ જનતા દળના અધ્યક્ષ નવીન પટનાયકે લોકસભાની ચુંટણી પહેલા મહત્વની જાહેરાત કરી હતી કે તેઓ આગામી લોકસભાની ચુંટણીમાં એમની પાર્ટીના ઉમેદવારોની ટીકીટ ફાળવણીમાં ૩૩%મહીલાઓને પ્રતિનિધિત્વ આપશે.ઓડીસાની ૨૧ બેઠક જોતાં સાત બેઠકો મહિલાઓને મળશે.તેઓ પહેલાં સંસદ અને વિધાનસભામાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાનો પ્રસ્તાવ આપ્યોછે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટ્યુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૯૯

૯૮૨૪૩૬૨૪૯૨


# ભારતમાં મુસ્લીમને નિશાન પર લેવાય છે : યુએન

સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પંચના વડા મિશેલ બાચલે ભારતની મોદી સરકારને ભીંસમાં લેતા કહ્યુ હતું કે મોદી સરકારની વિભાજનકારી નીતિઓને કારણે દેશનો આર્થિક વિકાસ પ્રભાવિત થઇ શકે છે. મિશેલનું કહેવું છે કે કુંઠિત રાજકીય એજન્ડાઓને કારણે અસમાનતાનો ભોગ બનેલા સમુહોને વધુ હાંસીયામાં ધકેલાઇ જવું પડ્યું છે.

જિનેવા ખાતે હ્યુમન રાઇટ્સ કાઉન્સીલ સમક્ષ રજુ કરેલા વાર્ષિક અહેવાલમાં પંચે જણાવ્યુ હતું કે અમને એવા અહેવાલ મળ્યા છે કે ભારતમાં લઘુમતિને નિશાન બનાવવામાં આવે છે.ખાસ કરીને આદિવાસી અને દલિત દમનનો ભોગ બની રહ્યા છે.અહેવાલમાં પંચના અધ્યક્ષે ઇઝરાયેલ અને પેલેસ્ટાઇન વચ્ચેના વિવાદનો ઉલ્લેખ કરતાં બંને દેશોને શાંતિ જાળવવા અપીલ કરી હતી. મિશેલ અગાઉ ચીલીનું પ્રમુખપદ પણ સંભાળી ચુક્યા છે.

# ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો દ્વારા ઇસ્યુ થતાં સર્ટી માટે હવે યુનિક નંબર અપાશે

ધ ઇન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ્સ ઓફ ઇન્ડીયા દ્વારા પ્રેક્ટિસ કરતાં સી.એ. માટે યુનિક ડોક્યુમેન્ટ આઇડેન્ટીફિકેશન નંબર ૧લી ફેબ્રુઆરીથી લોન્ચ કરવામાં આવ્યો છે.બેન્ક સહિતની નાણાંકીય સંસ્થાઓમાં કોઇપણ વ્યક્તિને સીએ દ્વારા ઇસ્યુ થતાં કોઇપણ સર્ટી. આપવાનું થાય ત્યારે સી.એ. ૧૮ આંકડાનો યુનિક નંબર જનરેટ કરીને સર્ટી.આપશે. તેના કારણે બોગસ સર્ટી. ઇસ્યુ નહી થાય.તેમજ રકમ બદલાઇ જવાના કે સહી બદલાઇ જવાના કિસ્સામાં ઘટાડો થશે. ૧લી ફેબ્રુઆરીથી આજ સુધીમાં દેશભરમાં બે લાખ સર્ટી. ઇસ્યુ થયા છે.

આઇસીએઆઇના પ્રેસિડેન્ટ સીએ પ્રફુલ્લ છાજડે પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરતાં કહ્યુ હતું કે ઘણી વખત ફ્રોડના કિસ્સા, બોગસ સીએના કિસ્સા બહાર આવે છે.વાસ્તવમાં તે સીએ પણ હોતો નથી. બેન્ક સહિતની નાણાંકીય સંસ્થાઓમાં સીએના સર્ટી.માં ગણી વખત રકમ બદલાઇ જતી હોય છે. ઘણી વખત સહી બદલાઇ જતી હોય છે. આવા બનાવ અટકાવવા અમે એક પોર્ટલ બનાવ્યું છે. જેમાં માત્ર અમારી પાસે નોધાયેલા સી.એ. જ લોગઇન થઇ શકશે.સીએ લોગઇન થાય ત્યારબાદ આ સર્ટી. માટે ૧૮ આંકડાનો નંબર જનરેટ થશે. સર્ટી.માં સીએની સહી સાથેનો નંબર બદલી શકાશે નહીં. જ્યારે વ્યક્તિ બેન્કમાં આ સર્ટી રજુ કરશે ત્યારે બેન્ક આઇસીએઆઇના પોર્ટલ પર લોગઇન થઇને ચોકસાઇ અને ખાતરી કરી શકશે કે જેણે આ સર્ટી આપ્યું છે તે સીએ છે કે નહીં. તેણે જે રકમ લખી અને વ્યક્તિએ જ સર્ટી રજુ કર્યુ તે બંનેમાં કોઇ ફર્ક તો નથીને. દરેક સર્ટી માટે સીએ નવો નંબર નાખવાનો રહેશે.ગમે તેટલા સર્ટી ઇસ્યું કરી શકશે. ફક્ત નાણાંકીય સંસ્થાઓ જ આ નંબર નાંખી શકશે. બેન્કો,એનબીએફસી,સરકારી એજન્સીઓ, અને આરબીઆઇને પોર્ટલ લોંગઇન થવાના ૫ાસવર્ડ અપાયા છે. આઇસીએઆઇના પોર્ટલ પર લોગંઇન થયા બાદ જે સર્ટી બનશે તે સંપુર્ણપણે એન્ક્રીપ્ટેડ રહેશે. ગુજરાતમાં ૨૦૦૦૦ સીએ છે. તેમાંથી ૧૦૦૦૦ પ્રેક્ટિસ કરતાં સીએ છે.

# સુપ્રીમ કોર્ટ ૧૦% ક્વોટાનો મામલ બંધારણીય બેન્ચને નહીં સોપે

સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે તે આર્થિક રીતે નબળા સવર્ણો માટે ૧૦ ટકા અનામત ક્વોટાનો મામલો એક બંધારણીય બેન્ચને આ તબક્કે રીફર કરવા માટેનો આદેશ જારી કરવાની તરફેણમાં નથી. ચીફ જસ્ટીસ ગોગોઇના વડપણ હેઠળની બેન્ચે કહ્યુ હતું કે આ અરજી પર ૨૮ માર્ચે સુનાવણી કરશે અને આ મામલો બંધારણીય બેન્ચને સોપવાની જરુર છે કે કેમ તે અંગેની બાબત હાથ ધરશે.બેન્ચે પીટીશનર વતી હાજર એડવોકેટ રાજીવ ધવનને કહ્યુ હતું કે તેમણે અરજીમાં જે મુદ્દાઓ ઉઠાવ્યા છે તે મુદ્દાઓની એક શોર્ટ નોટ ફાઇલ કરે. સામાન્ય કેટેગરીમાં ગરીબ ઉમેદવારોને નોકરી એ પ્રવેશમાં ૧૦ ટકા કવોટા મંજુર કરવાના કેન્દ્રના નિર્ણય પર સ્ટે મુકવાનો ઇન્કાર કર્યો હતો. જો કે કોર્ટે કાયદાની કાયદેસરતા ચકાસવા સંમતિ દર્શાવી હતી. તેણે બિઝનેસમેન અને કોગ્રેસના સમર્થક તહેસીન પુનાવાલાએ ફાઇલ કરેલી અરજી પર કેન્દ્રને નોટીસ આપી છે.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

# સરકાર સામે વિરોધ પ્રગટ કરવા કાશ્મીરી અખબારોએ પહેલા પાના કોરા રાખ્યા

### કારણ વિના સરકારી જાહેરાતો અટકાવતાં એડિટર્સ ગિલ્ડ સડકો પર ઉતર્યું

શ્રીનગરથી પ્રકાશિત થતાં બે અખબારોને જાહેરાતો અટકાવી દેવાના સરકારના નિર્ણયનો વિરોધ કરતાં કાશ્મીરના મોટાભાગના અખબારોએ પહેલું પાનું કોરુ રાખ્યું હતું.ગ્રેટર કાશ્મીર અને કાશ્મીર રીડર અખબારોને સરકારી જાહેરાતો નહીં આપવાના નિર્ણયના વિરોધમાં કાશ્મીરના તમામ અખબારોએ પહેલાં પાના પર કોઇ સમાચાર કે જાહેરખબરો છાપી નહોતી.કાશ્મીર એડીટર્સ ગિલ્ડ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો. અખબારી આલમે વિરોધ પ્રદર્શન કર્યુ હતું.જમ્મુ કાશ્મીર સરકારે કાશ્મીર ખીણમાં સૌથી વધુ વંચાતા અંગ્રેજી દૈનિક ગ્રેટર કાશ્મીર અને શ્રીનગરથી પ્રસિધ્ધ થતાં કાશ્મીર રીડર અખબારને સરકારી જાહેરાતો અટકાવી દેવાનો નિર્ણય કર્યો હતો. જો કે આ અંગે કોઇ લેખિત આદેશ અપાયો નથી. પરંતુ બંને અખબારોને જમ્મુ-કાશ્મીર સરકારના માહિતી વિભાગ દ્વારા મૌખિક જાણકારી અપાઇ હતી.સરકારે તેમને અપાતી જાહેરાતો બંધ કરવાનો નિર્ણય કર્યો છે. કાશ્મીરના એડિટર્સ ગિલ્ડે આ બંને અખબારોની સરકારી જાહેરાત શા માટે બંધ કરવામાં આવી છે તેનુ કારણ આપવા સરકારને જણાવ્યુ હતું. જો કે સરકાર દ્વારા હજુ સુધી કોઇ કારણ અપાયું નથી.એક નિવેદનમાં કાશ્મીર એડીટર્સ ગિલ્ડે જણાવ્યુ હતું કે એકતરફ વિશ્વની સૌથી મોટી લોકશાહી ચુંટણી માટે કવાયત હાથ ધરી રહી છે. ત્યારે કાશ્મીરના બે અગ્રણી અખબારોને સરકારી જાહેરાતો અટકાવી દેવાના સરકારના નિર્ણયની એડિટર્સ ગિલ્ડે આકરી ટીકા કરે છે.સમગ્ર મીડીયાએ સરકારના આ પગલાંની સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

# ખેડુતોની આત્મહત્યામાં છેલ્લા ૩ વર્ષમાં ૯૧%નો વધારો થયો છે

મોદી સરકારના ચાર વર્ષના કાર્યકાળમાં મહારાષ્ટ્રમાં ખેડુતોની આત્મહત્યાના પ્રમાણમાં મોટો વધારો નોધાયો હોવાની માહીતી સામે આવી છે. નેશનલ હ્યુમન રાઇટ્સ કમિશનના ૨૪મી એપ્રિલ,૨૦૧૫ના એક પત્ર અનુસાર ૨૦૧૧થી ૨૦૧૪ દરમિયાન ૬૨૬૮ ખેડુતોએ આત્મહત્યા કરી હતી. એ વખતે રાજ્યમાં કોગ્રેસ-એનસીપીની સરકાર હતી. પણ જાન્યુઆરી ૨૦૧૫ થી ડિસેમ્બર ૨૦૧૮ સુધીમાં રાજ્યમાં આત્મહત્યા કરનારા ખેડુતોની સંખ્યા ૧૧૯૯૫ સુધી પહોચી ગઇ હતી.વિશેષમાં પીડીત પરિવારો પૈકી ૪૩ ટકા ખેડુતોના પરિવારોને સરકાર તરફથી કોઇ પણ સહાય અથવા વળતર મળ્યું નથી.રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં ખેડુતોની આત્મહત્યાનું પ્રમાણ ૯૧ ટકા વધ્યું હોવાનું સ્પષ્ટ થયું છે. મુંબઇમાં એક આરટીઆઇ કાર્યકર્તાએ માહીતી અધિકારનો ઉપયોગ કરીને મહારાષ્ટ્રમાં ખેડુતોની આત્મહત્યા બાબત માહીતી માંગી હતી.

તેમણે મુખ્યત્વે મરાઠાવાડ અને વિદર્ભના ખેડુતોની આત્મહત્યાના સંદર્ભમાં માહિતી માંગી હતી.દેવા અને પાકની નિષ્ફળથાંથી કંટાળીને આત્મહત્યા કરનારા ખેડુતો પૈકી મોટા ભાગના ખેડુત પરિવારોને સરકાર તરફથી કોઇ મદદ મળી નથી.

# સોશ્યલ મીડીયા પર પ્રચાર પણ ચુંટણી ખર્ચમાં ગણી લેવાશે

ભારતમાં ૨૦૧૯ની લોકસભાની ચુંટણીની તારીખો જાહેર થઇ છે.આ સાથે જ આચાર સંહિતા પણ લાગુ થઇ ગઇ છે.જેમાં આ વખતે સોશ્યલ મીડીયાના ઉપયોગ અંગે પણ લગામ મુકવાનું ચુંટણીપંચે નક્કી કર્યુ છે.અગાઉ ૨૦૧૪માં સોશ્યલ મીડીયા ગેમ ચેન્જર સાબિત થયું હતું. આ વખતની સામાન્ય ચુંટણીમાં ચુંટણી પંચ આ મામલે સજ્જ છે. અને સોશ્યલ મીડીયા પર રાજકીય પક્ષોને પ્રચારનો લાભ લેવા અંગે મર્યાદા મુકી છે. સામાન્ય ચુંટણીઓની તારીખો જાહેર કરતાં મુખ્ય ચુંટણી કમિશ્નર સુનિલ અરોરાએ કહ્યુ હતું કે ચુંટણીપંચ દ્વારા ઓનલાઇન પ્રચાર પર નજર રાખવામાં આવશે.તેમણે કહ્યુ હતું કે સોશ્યલ મીડીયા પર રાજકીય જાહેરાતો અંગે પ્રિ-સર્ટીફીકેશન અનિવાર્ય બનશે. આ જાહેરાતો પાર્ટીના ચુંટણી ખર્ચનો હિસ્સો પણ ગણાશે.

અરોરાએ કહ્યુ હતું કે સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ્સ જેમકે ગુગલ,ફેસબુક, યુટ્યુબ અને ટ્વીટરમાં તમામ રાજકીય જાહેરાતો સર્ટીફાઇડ કરાશે. આ પ્લેટફોર્મ તેમના પ્લેટફોર્મ પર રાજકી જાહેરાતોને હાઇલાઇટ કરી શકશે.જ્યારે ફેસબુક અને ગુગલે I માટે સમર્પિત ગ્રિએવન્સ ઓફિસરની નિમણુંક કરી છે કે જેથી ચુંટણી પંચની માર્ગદર્શિકાનું ક્યાંય ઉલ્લંઘન થાય તો તેના માટે કાર્યવાહી કરી શકાય. અરોરાએ કહ્યુ હતું કે સોશ્યલ મીડીયા એક્સપર્ટ મીડીયા સર્ટીફીકેશન અને મોનિટરીંગ કમિટીનો હિસ્સો બનશે.

### જાણવા જેવું !

કર્ણાટકના શિક્ષણમંત્રી બી.સોમેશ્વર પરીક્ષામાં ચોરી કરતાં પકડાયા હતા.
સ્ટેનફિશ માછલી પથ્થરોની વચ્ચે માળો બનાવીને રહે છે.
લાયરબર્ડ નામનું પક્ષી સાંભળેલા અવાજની નકલ કરી શકે છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

ગ્લોરી કેટરીગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્ક: એ એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


### જાણવા જેવું !

મનુષ્યના ફેફસામાં ૩૦૦ અરબ જેટલી રક્તવાહીનીઓ છે.

ટોમ સોયરે નવલકથા લખવા માટે પહેલીવાર ટાઇપરાઇટરનો ઉપયોગ કર્યો હતો.

નાઇલ નદી ૬૬૯૦ કી.મી.ની લંબાઇ ધરાવે છે.

જે મહીનાની પહેલી તારીખે રવીવાર હોયતે મહીનાઓમાં ૧૩ મી તારીખે શુક્રવાર જ આવતો હોય છે.


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭
લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# મધ્યસ્થતાથી રામ જન્મભુમિ વિવાદનો ઉકેલ નહી આવી શકે : શિવસેના



શિવસેનાએ કહ્યુ હતું કે રામ જન્મભુમિ એ ભાવનાત્મક મુદ્દો છે અને તેને મધ્યસ્થતાથી ઉકેલી ન શકાય.પાર્ટીએ મોદી સરકારને આ મામલે વટહુકમ લાવવા અને રામ મંદિરનું નિર્માણ શરુ કરવા માટે કહ્યુ હતું. શિવસેનાએ પુછ્યું હતું કે જ્યારે રાજનેતા,શાસક અને સુપ્રીમ કોર્ટ અત્યાર સુધીમાં આ વિવાદ ઉકેલી ના શક્યા તો પછી આ ત્રણ મધ્યસ્થીઓ શું કરશે.ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે કોર્ટના પુર્વ ન્યાયાધીશ એફએમ કલીફુલ્લાની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોની એક સમિતિની રચના કરી છે. જે અયોધ્યામાં દાયકાઓ જુના રાજકીય રીતે સવેદનશીલ રામ જન્મભુમિ -બાબરી મસ્જીદ ભુમિ વિવાદના સંભવિત ઉકેલની સંભાવના મધ્યસ્થતા દ્વારા શોધવાની કોશીશ કરશે.જેમાં આધ્યાત્મિક ગુરુ અને આર્ટ ઓફ લીવીંગના શ્રીશ્રી રવિશંકર અને વરિષ્ઠ વકીલ શ્રીરામ પંચુ પણ આ સમિતિના સભ્ય તરીકે રહેશે.

### જાણવા જેવું !

લુધિયાણામાં રહેતા એક નેપાળી ગુરખાએ મરતા પહેલા તેની અંતિમ ઇચ્છામાં જાહેર કરેલું કે એના મરણ બાદ એના શરીર પર એક બાટલી દારુ રેડવામાં આવે તેમજ તેની સ્મશાનયાત્રામાં આવેલાને દારુ પીવડાવવામાં આવે.

ચંદીગઢમાં અગીયાર સ્થળોએ બ્લુરંગની ટપાલ પેટીઓ રાખવામાં આવી છે. આ પેટીઓમાં માત્ર પોલીસ વિશે ફરિયાદો નાખી શકાય તેવી સગવડ છે.


ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રી: પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.